*મહેસુલ વિભાગમાં ઇ-ગર્વનન્સ*
*કામગીરીઓ બાબત*

ગુજરાત સરકાર

મહેસુલ વિભાગ

પરિપત્ર ક્રમાંક: આઇટીપી/૧૦૨૦૧૩/૪૯૭/હ૨

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૯ /૦૬/૨૦૧૩

વંચાણે લીધા: નેશનલ ઇન્ફોરમેટીક્સ સેન્ટર , ગાંધીનગરના તા: ૬/૫/૨૦૧૩ના પત્રાંક:એન.આઇ.સી /જીજીએસસી/ ૨૦૧૩-૨૪૨.

પરિપત્ર:-

મહેસુલ વિભાગમાં ઇ-ગવર્નન્સ કાર્યક્રમ અંતર્ગત મહેસુલી રેકર્ડ ના કમ્પ્યુટરાઇઝેશન પ્રોગ્રામ ને વધુ સુદ્રઢ બનાવવા તથા હાલમાં ઉપલબ્ધ સોફ્ટવેર માં સુધારા-વધારા અને આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ લાભ લઇ, મહેસુલી કામગીરીમાં સરળતા, ઝડપ અને વધુ પારદર્શક્તા લાવવાના ની બાબત સરકારશ્રીની નિતિ રહેલ છે.મહેસુલ વિભાગમાં ઇ-ગવર્નન્સ ની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને તેનો વ્યાપ વધારવાના આશયથી સરકારશ્રી કક્ષાએથી ચર્ચા-બેઠકોના અંતે છેલ્લે તારીખ: ૩૦/૪/૨૦૧૩ના રોજ અગ્ર સચિવશ્રી (મહેસુલ) ની અધ્યક્ષતામાં એક બેઠકનુ આયોજન કરવામાં આવેલ. આ બેઠકમાં થયેલ ચર્ચાનાં અનુસંધાને નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેંટર, ગાંધીનગરનાં ઉકત સંદર્ભપત્રથી મહેસુલ વિભાગની ઇ-ગવર્નન્સ ની કામગીરી બાબતે કરવાનાં સુધારા અંગેની દરખાસ્ત રજુ કરેલ જે દરખાસ્ત પરત્વે કાળજીપુવકની વિચારણા કરીને સરકારશ્રી દ્વારા આથી GSWAN અને STATE DATA CENTRE નો ઉપયોગ કરી હાલની સોફ્ટવેર વ્યવસ્થામાં નીચે મુજબનાં સુધારા અમલમાં મુકવા નિર્ણય કરેલ છે.જે અન્વયે ખાતેદારોને રેવન્યુ રેકર્ડ ની નકલો સરળતાથી મળી શકશે.

(૧) હાલમાં ગામ નમૂના નંબર ૭,૮-અ,તથા ૬ ફક્ત GSWAN ઉપર રહેલા કોમ્પ્યુટરમાં જ દેખાય છે મહેસૂલી રેકર્ડની માહિતી ઇન્ટરનેટ પર મારફત સહેલાઇથી મળી શકે તે માટે જરુરી કાર્યવાહિ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવે છે. આ વ્યવસ્થામા ઉક્ત ડેટા (અ) ઇન્ટરનેટ ઉપર ફક્ત Read only રહેશે(બ) મહેસૂલી રેકર્ડના નિયત ફોર્મેટ કરતાં અલગ ફોર્મેટ રહેશે. (ક) સત્તાવાર નકલ તરીકે ગણાશે નહી.

(૨) હાલમાં આર.ઓ.આરની નકલ જેતે ગામમાંથી અને જે તે લાગુ પડતા તાલુકા ઇ-ધરા કેન્દ્રમાંથી મેળવી શકાય છે. પરંતુ, હવે, જ્યારે સરકારશ્રી દ્વારા ૮ કિમીની ત્રિજ્યામાં જમીન ખરીદવાનો કાયદો નાબૂદ કર્યો છે ત્યારે રાજ્યના અન્ય જિલ્લા/તાલુકા/ગામમાં રહેતા ખાતેદારો મહેસૂલી રેકર્ડની નકલ સમગ્ર ગુજરાતમાં ગમે તે ઇ-ગ્રામ કે ઇ-ધરા કેન્દ્રમાંથી મેળવી શકે તેવી વ્યવસ્થા કાર્યાન્વિત કરવાનો નિર્ણય કરવામાંઆવે છે.

(3) ગામ નમુના નંબર: ૬ ની જુની નોંધોનું સ્કેનીંગ દરેક જિલ્લા કક્ષાએ કરવામાં આવેલ છે. આ સ્કેન કરેલ ડેટાને વેબ ભુલેખ એપ્લીકેશન માં સમાવેશ કરી કામગીરી શરૂ કરવામાં આવે તો ઘણી જ ઉપયોગી સિધ્ધ થઇ શકે તેમ હોઇ, જુની નોંધોના સ્કેનિંગની વેરીફિકેશનની કામગીરી હાલ હાથ ધરાયેલ હોઇ, નોંધોના સ્કેનિંગની

સંપુર્ણ પણે પૂર્ણ થયેલી કામગીરી એટલે કે સંપુર્ણપણે વેરીફિકેશન અને ઓથેન્ટીકેશન થયેલ હોય તે વેબ ભુલેખ એપ્લીકેશનમાં અપલોડ કરવાની કાર્યવાહિ હાથ ધરવાની રહેશે. .પરંતુ વેબ-ભૂલેખ એપ્લીકેશનમાં હાલ આ ડેટા ઉપયોગમાં લેવાનો રહેશે નહિ અને ડેટા લોડ કરતી વખતે ધ્યાનમાં આવતી વ્યવાહરિક મુશ્કેલીઓ એન.આઇ.સો એ જોવાનો રહેશે.

(૪) વર્ષ ૨૦૧૦થી મહેસૂલ વિભાગ દ્વારા દરેક ખેડૂત ખાતેદારોના ફોટો અને ફિંગર પ્રિંટ કમ્પ્યુટરાઇઝ્ડ કરવાનો નિર્ણય કરેલ અને તે અંતર્ગત ખાનગી એજંસીઓનો ઉપયોગ કરીને ઘણો જ ડેટા ભેગો કરવામાં આવેલ છે. સદર ડેટા જરૂરી ચકાસણી કરીને વેબ ભુલેખ એપ્લીકેશનમાં મૂકવો જરુરી જણાય છે. આથી કલેક્ટરશ્રીઓ દ્વારા ઓથેન્ટીકેશન થયેલ સદર ડેટા હાલ વેબ ભુલેખ એપ્લીકેશન પર અપલોડ કરનો રહેશે અને તે ઉપરાંત ઇ-જમીન મારફતે કલેક્ટ કરેલ ડેટા પણ અપલોડ કરવાનો રહેશે. આ ડેટાબેઝ પૈકી વિસંગત ડેટા યોગ્ય ચકાસણી કરી અપલોડ કરવાનો રહેશે.

(૫) ઉકત મુદ્દા ક્રમાંક ૧ થી ૪ અન્વયે જરુરી કાર્યવાહિ નેશનલ ઇન્ફોરમેટીક્સ સેંટર, ગાંધીનગર દ્વારા સ્ત્વરે હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હેમેન્દ્ર શાહ)
અધિક સચિવ
મહેસુલવિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી( મહેસુલ)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી (મહેસુલ)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- જમીન સુધારણા કમિશ્નર અને સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશનર અને અગ્રસચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી,ગાંધીનગર.
- સુપ્રિટેંડેંટ ઓફ સ્ટેમ્પસ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન,ગાંધીનગર
- પ્રોજેક્ટ ઓફિસર શ્રી, સ્ટેટ મોનિટરીંગ સેલ, એલ.આર.સી., મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી અમિત શાહ ,સાયન્ટીસ્ટ-ડી,નેશનલ ઇન્ફોરમેટીક્સ સેન્ટર,બ્લોકનં ૧૩,બીજો માળ, સચિવાલય.ગાંધીનગર
- તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સી.આઇ.ઓ અને સં.સ.શ્રી(સેવા), મહેસૂલ વિભાગ ,સચિવાલય,ગાંધીનગર.
- મહેસૂલ વિભાગની તમામ શાખાઓ
- સિલેક્ટ ફાઇલ/ના.સે.અ.ફાઇલ